GJVD020480632024

**<u>વડોદરાના મે.૧૭ માં એડીશ ન લ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,</u>**
**<u>મુ.–વડોદરા.</u>**

**ફરીયાદી–** **શ્રી સરકાર**

**...વિરુદ્ધ...**

**આરોપી–** **લક્ષ્મણભાઇ દુધાભાઇ માછી**
રહે. ૨૧૧, અવધવિહાર સોસાયટી, કોયલી ગામ તા.જી. વડોદરા.

**<u>તહોમત</u>–** **<u>એમ.વી.એકટ કલમ–૧૮૫</u>**

## <u>–ચુકાદો–</u>

**૧.** ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આરોપી સામે એમ.વી.એકટ કલમ–૧૮૫ અન્વયેનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવા અંગેનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ થયેલ છે.

**૨.** સદર કામે આરોપીને સમન્સ બજતા, આરોપી આજરોજ હાજર થતાં, આરોપીને પોલીસ પેપર્સની નકલ વિનામુલ્યે આપવામાં આવેલ છે અને આરોપી હાજર થઈ તેઓને ગુનાનો અહેસાસ હોય, આરોપીનું નિવેદન લેતાં, આરોપીએ તેઓના વિરુદ્ધના ગુનાની સ્વૈચ્છાએ કબુલાત કરેલ છે તેમજ અલાયદી કબુલાત પુરસીસ રજુ કરેલ છે, જેમાં મુખ્યત્વે આરોપીએ જણાવેલ છે કે, તેઓનો આ પ્રથમ ગુન્હો છે અને આ ગુન્હો તેમનાથી કોઈપણ જાતના બદઈરાદા વગર અજાણતાથી થયેલ છે અને તેઓને સજા કરવામાં આવે તો, તેમના કુટુંબને ભુખે મરવાનો વારો આવશે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર વ્યક્તિ છે અને હવે પછીથી ભવિષ્યમાં આવા પ્રકારનો ગુન્હો નહીં કરે તેવી બાંહેધરી આપે છે અને સુધરવાની તક આપવા સામે યોગ્ય તે દંડની સજા કરવા વિનંતી કરેલ છે.

**3.** આજરોજ નેશનલ લોકઅદાલત છે, જેમાં ખાસ સીટીંગનું આયોજન કરવામાં આવેલ છે. સદર કામે આરોપી વિરુદ્ધ ગુન્હાનો આક્ષેપ અને આરોપીની ગુના કબુલાત પુરસીસ ધ્યાને લેતાં, આ અદાલત પાસે આરોપીઓને તકસીરવાન ઠરાવ્યા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. આરોપીઓને સજા અંગે પુછતા આરોપીઓનું એ સ્પષ્ટ કથન છે કે , આ ગુન્હો તેમનાથી કોઈ પણ જાતના બદઈરાદા વગર અજાણતાથી થયેલ છે અને તેઓને સજા કરવામાં આવે તો, તેમના કુટુંબને ભુખે મરવાનો વારો આવશે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર વ્યક્તિ છે અને હવે પછીથી ભવિષ્યમાં આવા પ્રકારનો ગુન્હો નહીં કરે તેવી બાંહેધરી આપે છે અને સુધરવાની તક આપવા સામે યોગ્ય તે દંડની સજા કરવા વિનંતી કરેલ છે તેમજ નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. પેજ નંબર–૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ નટવર હરચંદજી ઠાકોરના કેસમાં એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો, દરેક કેસની હકીકત

ધ્યાને લઈ, નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આમ, સદરહું ચુકાદાના પાના નંબર-૭૨૧ ઉપર પેરા-૨૧ માં જે કારણો જણાવેલા છે તે ધ્યાને લેતાં, ઉપરોક્ત ચુકાદો આરોપીઓના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. આ સંજોગોમાં આરોપીઓની રજુઆત ધ્યાને લેતાં, હું આરોપીઓને ઓછામાં ઓછી સજા કરવાનું ઉચિત માનું છું અને આરોપીઓને ઉપરોક્ત ગુનાઓમાં તકસીરવાન ઠરાવું છું અને નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

## -આખરી હુકમ-

**૧.** આ કામના આરોપીને, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૫૨ અન્વયે, એમ.વી.એકટ કલમ-૧૮૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓમાં તકસીરવાન ઠરાવી, **રૂ.૫૦૦૦/-** (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) દંડ ફરમાવવામાં આવે છે તથા જો દંડ ના ભરે તો, દિન-૦૩ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદામાલ અંગે જે વચગાળાનો હુકમ કરેલ હોય તે કાયમ રાખવો અને જો ન કરેલ હોય તો મુદામાલ અંગે અલગથી ઈન્કવાયરી કર્યેથી મુદામાલ તેના અસલ માલીકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ચૌદમી, માહે. સપ્ટેમ્બર, સને ૨૦૨૪ ના રોજ સ્પેશ્યલ સીટીંગ માં જાહેર કર્યો.

**(એ.એ.શેખ)**

**તા. ૧૪/૦૯/૨૦૨૪**
**વડોદરા.**

**૧૭ માં એડી. ચીફ જ્યુડી.**
**મેજી.વડોદરા.**
**કોડ નંબર GJ01163**